જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૭/૨૦૨૫ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૮૯૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૧૪૭ લીટર દેશી દારૂ, ૧૦૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૩૦ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૧૩૪ બિયર ટીન અને ૦૨ સ્કુટર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૨,૦૮,૨૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૮૯૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૨૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૮૯૪/૨૦૨૫**

નિકોલઃ હાર્દિક સ/ઓ ગોવિંદભાઈ પંચાલ (ઉ.વ.૩૭)(રહે.લક્ષ્મીનારાયણ સોસાયટી, હિરાવાડી રોડ, હિરાવાડી) એ તા.૦૧/૦૭/૨૦૨૫ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આશરે દોઢ વર્ષ અગાઉ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન નિકોલ અમર–જવાન સર્કલ પાસે દેવકૃપા ફ્લેટ, સ્કાય ટુર એન્ડ ટ્રાવેલ્સ અને સ્કાય મોબાઇલ નામની ઓફીસ ખાતેથી આરોપી (૧) અમિત યોગેશભાઈ ભાવસાર (૨) માર્ગીબહેન અમિતભાઈ ભાવસાર અને (૩) રિદ્ધીબહેન (તમામ રહે. નિકોલ) એ ભેગામળી હાર્દિક પંચાલને વિશ્વાસમાં લઈ તેઓના નામે ક્રેડીટ કાર્ડ મેળવી લઈ ક્રેડીટ કાર્ડ દ્વારા ટ્રાન્જેક્શન કરી, બેંકમા પેનલ્ટી તથા વધારાના ચાર્જ તથા ક્રેડીટ કાર્ડના નાણાંની રકમ ભરપાઇ નહી કરી તેમજ હાર્દિક પંચાલએ ક્રેડીટ કાર્ડ બંધ કરવાનુ કહેવા છતા તમામ ક્રેડીટ કાર્ડ બંધ નહી કરાવી, હાર્દિક પંચાલના તમામ ક્રેડીટ કાર્ડમાંથી કુલ રૂપિયા ૧૫,૫૭,૦૦૦/– ટ્રાન્જેક્શન કરી મેળવી લઇ તેમજ હાર્દિક પંચાલના મિત્રો પાસે ભરતભાઇ ઠાકોર નાઓના રૂપિયા ૪,૩૩,૦૦૦/–, બીપીનભાઇ પાડેં નાઓના રૂપિયા ૯,૦૯,૭૬૦/–, શશાંક ઘુટકે નાઓના રૂપિયા ૨,૩૯,૮૪૨/– અને પિયુષસિંહ સ/ઓ શિવસાહબ સિંઘ નાઓના રૂપિયા ૧૨,૫૫,૦૦૦/– જે તમામના મળી કુલ રૂપિયા ૪૩,૯૪,૬૦૨/– પરત નહી ચુકવી તેમજ આ રકમનુ વળતર પણ નહીં ચુકવી હાર્દિક પંચાલ તથા તેમના મિત્રો સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.વી.બારીયા ચલાવે છે.

દરીયાપુરઃ સિધ્ધાર્થ ચેતનભાઇ શાહ (રહે.યોગીજી એપાર્ટમેન્ટ, વિશ્વકુંજ ચારરસ્તાની બાજુમાં એન.આઇ.ડી સર્કલની બાજુમાં પાલડી) એ તા.૦૧/૦૭/૨૦૨૫ ના રોજ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૩/૨૦૨૪ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી રાકેશભાઇ રાધેશ્યામ માલીવાલ (રહે.સુમેલ બીજનેશ પાર્ક–૪, નરોડા રોડ કાલુપુર બ્રીજ અમદુપુરા) એ સિધ્ધાર્થ શાહનો વિશ્વાસ કેળવી કાલુપુર ચોખા બજાર તિરૂપતિ કોમ્પલેક્ષમાં આવેલ સિધ્ધાર્થ શાહ નાઓની દુકાનેથી મરચાનો માલ મેળવી લઇ બાકી નિકળતા રૂપિયા ૬,૧૫,૦૦૦/– આજદીન સુધી નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.કે.ડામોર ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર ચાદી નં.૮૯૫/૨૦૨૫**

સોલા હાઇકોર્ટઃ (૧)ભીખાભાઈ તળસીભાઈ પટેલ (ઉ.વ.૫૬)(રહે. ગોતા ગામ, પટેલ વાસ, કબીર સીરામીકના ખાંચામાં, ગોતા) એ તા.૦૧/૦૭/૨૦૨૫ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૬/૨૦૨૫ રાતના ૧૧/૦૦ થી તા.૦૧/૦૭/૨૦૨૫ સવારના ૩/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરની બારીના સળીયા તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, કબાટમાંથી સોના–ચાંદીના દાગીના, રોલેક્ષ કંપનીની ઘડીયાળ અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૪,૮૯,૨૫૦/– મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.એન.ભુકણ ચલાવે છે.

સોલા હાઇકોર્ટઃ (૨)જગદીશપુરી સુખલાલપુરી ગૌસ્વામી (ઉ.વ.૫૨)(રહે. હાર્મની વીલા, હેરીટેજ બંગ્લોઝ, સાયન્સ સીટી, સોલા) એ તા.૦૧/૦૭/૨૦૨૫ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૬/૨૦૨૫ સાંજના ૬/૩૦ થી તા.૧૭/૦૬/૨૦૨૫ કલાક ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સોલા સાયન્સ સીટી સામે આવેલ "હાર્મની હરીકેશ કન્સ્ટ્રકશ સાઇટ" ના ઇલેક્ટ્રીકલ સ્ટોરના દરવાજાનું તાળું તોડી, અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, સ્ટોરમાંથી કોપર વાયરની કોઇલ કિમત રૂપિયા ૭,૧૨,૨૯૨/– ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.ભુવા ચલાવે છે.

ગાયકવાડ હવેલીઃ અસલમભાઇ યાકુબભાઇ સીવાસવાલા (રહે.બીજો માળ, સોનાસ્કાય ફ્લેટ, સોના કટપીસની સામે, જમાલપુર પગથીયા, જમાલપુર) એ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૭/૨૦૨૫ સવારના ૧૦/૦૦ થી બપોરના ૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/– ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એચ.શાહ ચલાવે છે.

વીજ કરંટ લાગતા મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૮૯૬/૨૦૨૫**

સેટેલાઇટઃ સેટેલાઇટ સ્ટાર બજાર સામે આવેલ "ધ વેરીટા કન્ટ્રકશન" સાઇટ ખાતે કામ કરતા અને ત્યાંજ રહેતા સુનિલસિંગ કરમસિંગ રાવત (ઉ.વ.૨૦) તા.૩૦/૦૬/૨૦૨૫ રાતના ૧૧/૧૫ વાગ્યાના સુમારે "ધ વેરીટા કનસ્ટ્રકશન" સાઇટ ખાતે વીજ કરંટ લાગતા તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે સેટેલાઇટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અમિતસિંહ લક્ષ્મણસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી